# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 15-06-2024 બપોરે : 2.30 થી 2.35pm

વાર : શનિવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી  સમાચાર પૂરા થયા)

# International Yoga Day

10મા આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિતે આગામી 21 જૂને રાજ્યમાં કુલ 312 જગ્યાએ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. નડાબેટ ખાતે યોજાનારા રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ રમતગમત મંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે. ગાંધીનગર જિલ્લા કક્ષાના વિશ્વ યોગ દિવસ ની ઉજવણી કલોલ ખાતે કરાશે.

ગયા વર્ષે 1 કરોડ 57 લાખ લોકોએ યોગ દિવસનાં કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આ વર્ષે પણ 1 કરોડ 25 લાખ લોકોને જોડવાનો લક્ષ્યાંક છે. ગુજરાત યોગ બોર્ડ દ્વારા યોગા ફોર સેલ્ફ એન્ડ સોસાયટીની થીમ આધારિત યોગ કાર્યક્રમ વધુમાં વધુ લોકો જોડાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં તાલુકા અને જીલ્લા સ્તરે દરેક વિભાગ દ્વારા જેલોમાં, તમામ ITIમા, ગ્રામ પંચાયત સહિત નાના મોટા કુલ 30 હજારથી વધુ કાર્યક્રમ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે યોગ બોર્ડના ચેરમેન શિશુપાલ રાજપૂત વધુ જણાવે છે

(બાઇટ શિશુપાલ રાજપૂત)

# SGVP Hospital Neuromodulation department

અમદાવાદમાં એસ.જી.હાઇવે પર આવેલી એસજીવીપી હોસ્પીટલમાં રાજયનો પ્રથમ ન્યૂરો મોડ્યુલેશન વિભાગ ખુલ્લો મુકવામાં આવ્યો. રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કમિશનર હર્ષદ પટેલે આ નવ નિર્મિત વિભાગનું ઉદ્ઘાટન કર્યું.

આ વિભાગમાં પાર્કિન્સન, ટ્રીમર જેવા શારીરીક કંપનને લગતા રોગો માટે અદ્યતન સારવાર આપવામાં આવશે. વધુ માહિતી આપતાં, આ વિભાગના વડા ડો સાગર બેટાઇએ જણાવ્યું કે, આવી બીમારી ધરાવતા 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને ઓછી આવક ધરાવતા પરિવારોને વિના મૂલ્યે રેડીયો ફ્રિકવેન્સી સારવાર અપાશે. આ અંગે ડોક્ટર સાગર બેટાઇ વધુમાં જણાવ્યું

બાઈટ ડો સાગર બેટાઇ

# MSP Mag ni kharidi

રાજ્ય સરકાર ૨૦મી જૂનથી ટેકાના ભાવે ઉનાળુ મગની ખરીદી શરૂ કરશે. આ અંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩-૨૪ના ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી આગામી ૨૦મી જૂનથી શરુ થશે. રાજ્યભરના ખેડૂતો પાસેથી આશરે રૂ. ૧૦૮ કરોડની કિંમતનો બાર હજાર 633 મેટ્રિક ટન જેટલો જથ્થો ખરીદી કરવાનું અનુમાન છે. ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી માટે ૧૪મી જૂનથી ખેડૂતોની નોંધણી શરુ કરીદેવામાં આવી છે.

શ્રી પટેલે જણાવ્યું કે અત્યારે રાજ્યની વિવિધ એ.પી.એમ.સી. ખાતે મગ પાકનો સરેરાશ બજાર ભાવ ખેડૂતોની પડતર કિંમતની સામે અપેક્ષા કરતા થોડો ઓછો હોવાથી ખેડૂતોને આર્થિક નુકશાન ન થાય તે માટે ઉનાળુમગની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે મગ પાકનો ટેકાનો ભાવ રૂ. ૮,૫૫૮ પ્રતિક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યો છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

# Surat Family Suicide...

સુરતનાં મોરાભાગળ વિસ્તારમાં એક જ પરિવારના ચાર સભ્યોના શંકાસ્પદ મોતનો મામલો સામે આવ્યો છે. મદદનીશ પોલિસ કમિશનર આર.પી.ઝાલાએ જણાવ્યું હતું કે પરિવારના સભ્યોનું સચોટ કારણ જાણવા મળ્યું નથી. મૃતકોએ આપઘાત કર્યો છે કે ઝેરી દવા પી લીધી છે તે અંગે ચોક્કસ માહિતી પ્રાપ્ત થઈ નથી.

અમારા સુરતના પ્રતિનિધી લોપા દરબાર જણાવે છે કે, એફએસએલની ટીમ રાત્રી દરમ્યાન પરિવારે લીધેલાં ભોજન સહિતના નમૂના લેશે. હાલ સમગ્ર ઘટનાનું વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવ્યું છે. પોલિસનાં જણાવ્યા પ્રમાણે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે. હાલ પ્રાથમિક તબક્કે તપાસચાલી રહી છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. -

# Dwarka

દ્વારકા જિલ્લામાં વાછુ અને ગોરિંજા વિસ્તારમાં દરિયાકાંઠેથી ચરસના પેકેટો મળ્યા આવ્યા છે.

અમારા દ્વારકાના પ્રતિનિધિ કરણ જોષીના જણાવ્યા પ્રમાણે અંદાજે 21 કરોડ રૂપિયાના 60 જેટલા ચરસના પેકટો હોવાની વિગતો ખૂલી છે. જિલ્લા એ.પી. નિતેશ પાંડેની અધ્યક્ષતામાં પોલીસ દ્વારા દરિયાઈ પટ્ટીમાં હાલ સઘન શોધખોળ ચાલી રહી છે.

# Jamnagar Cheque distribution...

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને જામનગરના હાપા માર્કેટીંગ યાર્ડ ખાતે સહાય ચેક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. શ્રી પટેલે જામનગર તાલુકાના ખેડૂત અકસ્માત વીમા યોજનાના 10 લાભાર્થીઓને સહાય ચેક અર્પણ કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, જામનગર માર્કેટિંગ યાર્ડ દ્વારા જામનગર તાલુકાના તમામ ખાતેદાર ખેડૂતો માટે અકસ્માત વીમા યોજનાનું વાર્ષિક પ્રીમિયમ માર્કેટિંગ યાર્ડ દ્વારા ભરપાઈ કરવામાં આવે છે. જે અન્વયે જામનગર તાલુકાના અલગ અલગ ગામોના અકસ્માતે મૃત્યુ પામેલા ખાતેદાર ખેડૂતોના વારસદારો દ્વારા વીમા વળતર મેળવવા માટે અરજી કરવામાં આવી હતી.